કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય

ડો. જયેન્દ્ર સોની

કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય

(*"કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય"* was one of Dr. Jayendrabhai Soni's message segments which was delivered on mediums like Whatsapp groups and his Facebook account. Here is a collated document of all the messages related to this segment.)

"કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય"

"""""""""""""""""" ૧ """"""""""""""""""

સામાન્યત: પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હોવું એટલે - 'બ્રહ્મસંબંધ ની દીક્ષા પ્રાપ્ત કરેલી હોવી, પુષ્ટ કરાવીને કે અન્યથા, પોતાના દ્વારા અથવા પરિવાર માં,'મિશ્રિભોગ' કે કોઈક પ્રકારની ભગવદ્ સેવા કરવામાં આવતી હોય, કોઈક પુષ્ટિમાર્ગીય હવેલી માં અવારનવાર કે નિત્ય દર્શનાર્થે જવું, ત્યાં ભેટ લખાવી કે મનોરથ નોંધાવી પ્રસાદ પ્રાપ્ત કરવો, ભાગવત-સપ્તાહ આદિ ઉપક્રમો માં સહભાગી બનવું, ક્યારેક નાથદ્વારા અથવા વ્રજમાં આંટો મારવો, અથવા જેમાં 'પુષ્ટિમાર્ગીય' વિશેષણ લાગ્યું હોય તેવી પ્રવૃત્તિ સાથે જોડાવું ઇત્યાદિ બાબતોમાં ની કોઈક સાથે સંલગ્ન હોવાને માનવામાં આવે છે.

પરંતુ તદ્વિષયક વાસ્તવિકતા સમજવી જરૂરી છે. પુષ્ટિમાર્ગ ને અનુસારવાનો હેતુ એથી કાંઈક વિશેષ તેમજ ખાસ છે. તેથી તેની પૃષ્ઠભૂમિ માં ડોકિયું કરવું આવશ્યક છે. ક્રમશઃ

(ડો. જયેન્દ્ર સોની)

"કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય"

"""""""""""""""""" ૨ """"""""""""""""""

માનવ માત્રની આકાંક્ષા સુખની / આનંદની પ્રાપ્તિ કરવાની હોય છે. તે માટે તે પોતાની રૂચિ અનુસાર કાંઈ ને કાંઈ પ્રવૃત્તિ કરતો હોય છે. તેમાં થી તે આનંદ માણવા પ્રયત્ન કરે છે, જેને 'વિષયાનંદ' કહેવાય છે, કારણકે રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શ એ આપણી જ્ઞાનેન્દ્રિયો ના વિષયો છે. તેનાંથી આપણે ક્ષણિક સુખનો અનુભવ કરતાં હોઈએ છીએ. પરંતુ એ હકીકત છે કે તે વિભિન્ન ઈન્દ્રિયો થી અનુભવાતો આનંદ ક્ષણભંગુર હોય છે. તે શાશ્વત ટકતો હોતો નથી. તેથી આનંદ ની ક્ષણો વિતી ગયા પછી ઘણીવાર આપણે દુઃખી થતા હોઈએ છીએ કે ક્યારેક આપણને પસ્તાવો પણ થતો હોય છે.

તેથી આપણે વિચારવું જોઈએ કે 'આનંદ' ની પરિભાષા શું ? શું વાસ્તવમાં સાચા 'આનંદ' નું અસ્તિત્વ છે ખરું ? અને તે હોય તો ક્યાંથી પ્રાપ્ત થાય ? આ પ્રશ્ન માનવ મનને અનાદિ કાળ થી મુંઝવી રહ્યો છે. ક્રમશઃ.

(ડો. જયેન્દ્ર સોની)

"કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય"

""""""""""""""""""""" ૩ """""""""""""""""""

'આનંદ' એક અદ્ભૂત અહેસાસ છે, એક પ્રકારની માનસિક સ્થિતિ છે, જેમાં મનુષ્ય એક આંતરિક પરિતોષ, તૃપ્તિનો અનુભવ કરે છે, હૃદયની પ્રફુલ્લિતતાને તે માણે છે, તેને હર્ષ ઉત્પન્ન થાય છે. આપણા પ્રાચીન ઋષિ-મુનિઓએ આ વિશે ગહેરુ ચિંતન કરેલું છે. તૈત્તિરીય ઉપનિષદ માં આનંદને 'રસ' કહ્યો છે, જેને પ્રાપ્ત કરીને મનુષ્ય પ્રાણને ટકાવી રાખે છે. જો જીવનમાં આનંદ ન હોય તો જીવન નિરસ બની જાય. જીવનમાં ઉત્સાહ ન રહે. પરંતુ એ હકીકત છે કે ભૌતિક પદાર્થો અથવા ક્રિયા થી શાશ્વત આનંદ પ્રાપ્ત થતો નથી. તેથી સ્વાભાવિક છે કે જો શાશ્વત આનંદ પ્રાપ્ત કરવો હોય તો, જેની પાસે તે અખૂટ હોય તેની પાસે જવું જોઈએ, અથવા તેને મેળવવા પ્રયાસ કરવો જોઈએ.

ઉપનિષદ સમજાવે છે કે એક યુવાન વ્યક્તિ જે જ્ઞાન-સમૃદ્ધ, અખૂટ સંપત્તિ નો સ્વામી, આશાવાન, બલવાન અને સ્વરૂપવાન હોય, જેને સર્વ ભૌતિક સુખના સાધન ઉપલબ્ધ હોય, તેના આનંદને જો મનુષ્ય નો 'એક' આનંદ ગણવામાં આવે તો ઉત્તરોત્તર ગંધર્વ, દેવગંધર્વ, પિતૃઓ, આજાનજ દેવો, કર્મદેવ, દેવ, ઈન્દ્ર, બ્રહસ્પતિ, પ્રજાપતિ, અને બ્રહ્મા સુધી પ્રત્યેક નો આનંદ પૂર્વ કરતાં સો ગણો વધે છે. તેમ ગણત્રી કરતાં અક્ષરબ્રહ્મ સુધી આનંદ ની માત્રા ગણી શકાય છે, પરંતુ બ્રહ્મ ના આનંદ ની ગણના કરવી સંભવ નથી, કેમકે તે 'પૂર્ણાનંદ' છે. 'પૂર્ણ' ની વ્યાખ્યા કરતાં ઈશોપનિષદ કહે છે -"પૂર્ણમદ: પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમૂદચ્યતે ; પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિશ્યતે", અર્થાત્ 'પૂર્ણ' એવું પરિમાણ છે કે તેમાં થી જો પૂર્ણ કાઢી લેવા માં આવે તો શેષ 'પૂર્ણ' જ રહે. એ જ ગણિત શાસ્ત્રનો પણ સિદ્ધાંત છે. ક્રમશઃ.

(ડો. જયેન્દ્ર સોની)

"કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય"

""""""""""""""""""""" ૪ """""""""""""""""""

આમ બ્રહ્મનો આનંદ અપરિમિત છે. ઉપનિષદ તો ત્યાં સુધી કહે છે કે તે અસીમિત આનંદ ને જ "બ્રહ્મ" ની સંજ્ઞા આપવામાં આવી છે. "આનન્દો બ્રહ્મેતિ વ્યજનાત્" (તૈ.ઉ.૩-૬-૧). બ્રહ્મ 'સચ્ચિદાનંદ' છે. એટલેકે સત્, ચિત્, આનંદ એ બ્રહ્મના મૂળભૂત ઘટકો છે, જેમાં આનંદ ની પ્રચુરતા છે. વેદ અર્થાત્ શ્રુતિ માંં 'પરમ તત્ત્વ' ને 'બ્રહ્મ' કહ્યું છે, પરંતુ ગીતા આદિ સ્મૃતિ ગ્રંથોમાં તેને 'પરમાત્મા' તથા ભાગવત આદિ પુરાણો માં 'ભગવાન' તરીકે તેને સંબોધિત કરવામા આવ્યુ છે. ભાગવતમાં ભગવાન ના વિભિન્ન અવતારોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, પરંતુ ભાગવતે સ્પષ્ટતા કરી છે કે "કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં".(ભા.), અર્થાત્ અન્ય અવતારો ભગવાન ના અંશ - કલા રૂપ વિભુતિઓ છે, જ્યારે શ્રીકૃષ્ણ 'અવતારી' ભગવાન પોતેજ છે. અર્થાત્ શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન છે. આનું પ્રમાણ ગીતા

માં પણ મળે છે. શ્રીકૃષ્ણ સ્વયં કહે છે -"વેદશ્ચ સર્વૈરહમેવ વેદ્યો" (ગીતા. ૧૫-૧૫), એટલેકે 'વેદોમાં જાણવા લાયક તત્ત્વ (બ્રહ્મ) હું જ છું'. આથી સ્પષ્ટ થાય છે કે ભગવાન શ્રીકૃષ્ણ જ 'બ્રહ્મ' છે, તે કોઈ સામાન્ય દેવ નથી. તેથી જ શ્રીમહાપ્રભુજી પણ કહે છે -"પરંબ્રહ્મ તું કૃષ્ણો હિ" (સિ.મુ.). આપણે કહી શકીએ કે બ્રહ્મ-પરમાત્મા-ભગવાન-કૃષ્ણ એકબીજાના પર્યાયવાચી શબ્દો છે, જે બધા જ 'પરમ તત્ત્વ' ને સૂચિત કરે છે. ક્રમશઃ.

(ડો. જયેન્દ્ર સોની)

"કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય"

""""""""""""""""""""""" ૫ """"""""""""""""""""""

'કૃષ્ણ' શબ્દની વ્યુત્પત્તિ થાય છે -'કૃષ્' શબ્દ સત્તાવાચક છે અને 'ણ' શબ્દ આનંદવાચક છે, અર્થાત્. 'કૃષ્ણ' નો અર્થ 'સદાનંદ' થાય. બ્રહ્મસૂત્રકાર પણ "આનંદમયોભ્યાસાત્" (૧.૧.૧૨) સૂત્રમાં સમજાવે છે કે બ્રહ્મ અેટલે કે કૃષ્ણ માં આનંદ પ્રચુર માત્રામાં છે. શ્રીમહાપ્રભુજી પણ સુબોધિનીજમાં કહે છે કૃષ્ણ "આનંદમાત્ર કરપાદમુખોદરાદિ" છે, અર્થાત્ જેમ ખાંડમાં થી બનેલી પુતળીના હાથ પગ પેટ આદિ સર્વ અંગોમાં કેવલ ખાંડ હોય છે, તેમ કૃષ્ણ ના પ્રત્યેક અંગ માં, તેમના સ્વરૂપ માં માત્ર આનંદ જ રહેલો છે. તે પણ 'દિવ્ય પૂર્ણાનંદ', લૌકિક આનંદ નહીં. તેથી જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે - "પૂર્ણાનંદો હરિ:" (કૃષ્ણાશ્રય).

ઉપરોક્ત સર્વ શાસ્ત્રોક્ત પ્રમાણો થી સિદ્ધ થાય છે કે કૃષ્ણ આનંદ નો ભંડાર છે. તો સ્વાભાવિક છે કે યેન કેન પ્રકારેણ "કૃષ્ણ" ને સાધવા જોઈએ, કૃષ્ણ ને પ્રસન્ન કરવા જોઈએ, કૃષ્ણ ને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ.

પરંતુ બ્રહ્માદિક ને દુર્લભ કૃષ્ણ ને પામવા કેવી રીતે ?, એ યક્ષપ્રશ્ન છે ! ઉપનિષદ સ્પષ્ટ કહે છે "નાયમાત્મા પ્રવચનેન લભ્ય, ન મેધયા, ન બહુના શ્રુતેન, યમે વૈશ વૃણુતે તેન લભ્ય" (કઠ.ઉ. ૧.૨.૨૩). અર્થાત્ બ્રહ્મ (એટલે કે કૃષ્ણ) ન તો પ્રવચનો કરવાથી મળતા, નથી બુદ્ધિથી કે ન ઘણી કથાઓ સાંભળવાથી મળી શકે, પરંતુ તેઓ પોતે જેનું વરણ કરે, પોતે જેને મળવા ઈચ્છે તેનેજ મળી શકે. કારણ કે બ્રહ્મ સર્વતંત્ર-સ્વતંત્ર છે. તેના પર કોઈ ફરજ પાડી શકે નહીં. તે કોઈ નિયમોથી બંધાયેલા નથી. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે - "નિજેચ્છાત કરિષ્યતિ" (વિ.ધૈ.આ.). પ્રભુ બધું પોતાની ઈચ્છા મુજબ જ કરે છે. ક્રમશઃ.

(ડો. જયેન્દ્ર સોની)

"કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય"

""""""""""""""""""""""" ૬ """"""""""""""""""""""

તો પછી કૃષ્ણ ને પ્રાપ્ત કેમ કરવા ? કૃષ્ણ ને પ્રાપ્ત કરવા હોય તો તેમને પ્રસન્ન કરવા પડે. પરંતુ શ્રુતિ વચન પ્રમાણે જીવના કોઈ સાધન થી કૃષ્ણ પ્રાપ્ત થાય નહીં.

અહીં ઉપનિષદ ના દાર્શનિક વિચારોને જાણવા જરૂરી છે. શ્રુતિ-વચન છે - "એકમેવાદ્વિતિયમ્" (તૈ.ઉ.). પૂર્વમાં તે પરમતત્ત્વ બ્રહ્મ એકમાત્ર જ હતાં, અન્ય કાંઈજ ન હતું. હકિકતમાં તો બ્રહ્મ સચ્ચિદાનંદ છે. તેનામાં આનંદ ની પ્રચુર માત્રા છે. તેનામાં કશું જ ખુટતું નથી'. પરંતુ પોતાના આનંદ નો અનુભવ કરવા બીજા ની જરૂર શ્રુતિ કહે છે - "સ નૈવ રેમે", "સ એકાકિ ન રમતે", "સ દ્વિતિયમ્ ઐચ્છત્" બ્રહ્મ રમ્યા નથી. એકલા રમી શકે નહીં. તેથી તેણે બીજાની ઈચ્છા કરી અને તે પોતાની ઈચ્છા માત્રથી એક માં થી અનેક થઇ ગયા, કારણકે તેનામાં 'કર્તુમ્-અકર્તુમ્-અન્યથા કર્તુમ' એવું 'સર્વભવનસામર્થ્ય' છે. તેને માટે કશું જ અશક્ય નથી. આમ સૃષ્ટિ રચવાનું પ્રયોજન એક નિર્દોષ રમત માત્ર. તેને જ શ્રીમહાપ્રભુજી 'લીલા' કહે છે. આ હકિકત ને તેમણે પોતાના નિબંધ ગ્રંથના મંગલાચરણ માં આ રીતે વ્યક્ત કરી છે -"નમો તસ્મૈ ભગવતે કૃષ્ણાયાદ્ભુત કર્મણે, રૂપનામ વિભેદેન જગત્ક્રીડતી યો યત:", (શા.પ્ર.), અર્થાત્ 'અદ્ભૂત કાર્યો કરનારા ભગવાન કૃષ્ણ અનંત રૂપ અને નામ ધારણ કરી આ જગતમાં ક્રીડા (લીલા) કરી રહ્યા છે'.

કેટલી વિસ્મય પમાડે તેવી વાત ! આપણે જ આનંદ ને નથી શોધી રહ્યા, ભગવાનને પણ પોતાના આનંદ ની મજા કરાવે તેવા અન્ય કોઈ ની ખોજ છે! ક્રમશઃ

(ડો. જયેન્દ્ર સોની)

"કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય"

"""""""""""""""""""" ૭ """"""""""""""""""""""

તેથી ભાગવત કહે છે કે ભગવાને બ્રહ્માજીને એવી સૃષ્ટિ રચવાની આજ્ઞા કરી કે જે ભગવાન ને પ્રેમ કરે. દશમ સ્કંધ ના 'રાસપંચાધ્યાયી' પ્રકરણ માં રાસના અંતે ભગવાન ગોપીજનો નો ઉપકાર સ્વીકાર કરતાં કહે છે કે "હું બ્રહ્માજીનું આયુષ્ય ધારણ કરીને પણ તમારા ઉપકારનો બદલો વાળી શકું તેમ નથી". ભગવાન ના આ વચનનું તાત્પર્ય સમજાવતાં શ્રીમહાપ્રભુજી કહે છે કે ભગવાને રાસ દ્વારા માત્ર ગોપીજનો ને સ્વરૂપાનંદનો અનુભવ જ નથી કરાવ્યો પરંતુ તેમણે ગોપીજનો ના નિશ્છલ પ્રેમ - અનન્ય ભક્તિને કારણે ભોક્તા બનીને નિજાનંદ ની અનુભૂતિ કરી છે. તેથી ગોપીજનો નો ઋણ સ્વીકાર કર્યો છે.

ઉપરોક્ત કથા ભગવાન ની પ્રસન્નતા નું રહસ્ય ઉજાગર કરે છે. ભગવાન ને રાજી કરવાનું રાજ છે - "ભગવાન પ્રત્યે અપ્રતીમ પ્રેમ". ભગવાનને કેવળ નિસ્વાર્થ પ્રેમથી જ જીતી શકાય. તેથી શ્રીમહાપ્રભુજીએ શાસ્ત્રોક્ત 'મર્યાદાભક્તિમાર્ગ' થી વિલક્ષણ 'પુષ્ટિભક્તિમાર્ગ' ની સ્થાપના કરી 'પ્રેમલક્ષણાભક્તિ' નું પ્રતિપાદન કર્યું છે. તેનેજ 'પુષ્ટિમાર્ગ પણ કહેવાય છે. ભગવાન માં 'સુદૃઢ સર્વતોધિક સ્નેહ' ને તેઓ ભક્તિનું મહત્વપૂર્ણ અંગ માને છે. માટે ભગવાન શ્રીકૃષ્ણ ની 'અનન્ય ભક્તિ'

નો તેમણે "કૃષ્ણ સેવા સદા કાર્યા" કહીને પુષ્ટિમાર્ગ ના અનુયાયીઓ ને ઉપદેશ આપ્યો છે. ભક્તિ દ્વારા ભગવાન ને પરવશ કર્યા હોવાના પ્રમાણ પુરાણોમાં જ નોંધાયેલા છે, એમ નહીં, પરંતુ પ્રાચીન - અર્વાચીન ભક્તો, સંત માહાત્માઓના ચરિત્રો ઈતિહાસ માં અંકિત થયેલા છે. ભગવાને કહેલું પડ્યુ છે - "અહં ભક્ત પરાધિનો". પુષ્ટિમાર્ગ નું વાર્તા સાહિત્ય આનું જીવંત પ્રમાણ છે. ભગવાન શ્રીકૃષ્ણ ની અનન્ય ભક્તિ એ પુષ્ટિમાર્ગ નું હાર્દ કહી શકાય. ક્રમશઃ.

(ડો. જયેન્દ્ર સોની)

"કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય"

"""""""""""""""" ૮ """"""""""""""""

શ્રુતિ સમજાવે છે કે જીવાત્માનો પરમાત્મા પ્રતિ પ્રેમ સહજ છે. જે જેનો અંશ હોય તેનું તેના અંશી તરફ સ્વાભાવિક આકર્ષણ હોયે. 'આત્મા' અંશી 'પરમાત્મા' નો અંશ છે. તેથી તેનો પરમાત્મા માટે પ્રેમ હોય તે સહજ છે. તેથી જ શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે "સર્વભાવાથી સર્વદા વ્રજાધિપ શ્રીકૃષ્ણ ને ભજવા, તેમની ભક્તિપૂર્વક સેવા કરવી એજ જીવાત્માનું કર્તવ્ય છે, તે સિવાય તેનો અન્ય કોઈ ધર્મ હોઈ શકતો નથી. (ચતુઃશ્લોકથી). શ્રીમહાપ્રભુજી ની દાર્શનિક વિચારધારા નો આ નિષ્કર્ષ છે, અને તેથી તેઓ પોતાનો સિદ્ધાંત પ્રતિપાદિત કરતાં કહે છે - "કૃષ્ણસેવા સદા કાર્યા" (સિ.મુ.). કૃષ્ણ ની સેવા હંમેશા - નિત્ય અર્થાત્ ૨૪ × ૭ કરવી જોઈએ. કોઈ વિચારે કે 'કૃષ્ણસેવા' ૨૪ × ૭ કેવી રીતે સંભવ બને ?

શું આપણે શ્વાસ ૨૪ × ૭ નથી લેતાં ? ક્યારેય અટકીએ છીએ ? શ્વાસોચ્છ્વાસ ની ક્રિયા સહજ રીતે આપણા જીવન ક્રમ માં વણાઈ ગયેલી હોય છે. શ્રીમહાપ્રભુજી નું તાત્પર્ય છે કે 'કૃષ્ણ આપણા શ્વાસોચ્છ્વામાં વણાઈ જવા જોઈએ'. આપણા જીવન ની પ્રત્યેક ગતિવિધિઓ થી સંલગ્ન થવા જોઈએ. આપણી પ્રત્યેક પ્રવૃત્તિ ના કેન્દ્રસ્થાને કૃષ્ણ હોવા જોઈએ. આપણું જીવન કૃષ્ણમય હોવુ જોઈએ, કૃષ્ણ માટે હોવું જોઈએ. આપણા જીવવાનું પ્રયોજન કૃષ્ણ હોવું જોઈએ.. તેથી પુષ્ટિમાર્ગ માં કૃષ્ણની 'પૂજા' નથી, કૃષ્ણ ની 'સેવા' છે. પૂજા એક નૈમિત્તિક કર્મ છે, સેવા અહર્નિશ થતી ક્રિયા છે. સેવકની ફરજ ૨૪ × ૭ ની હોય છે. તેને સ્વામી ની સેવા માટે સદા તત્પર રહેવું પડતું હોય છે. સેવક સ્વામી ની સેવા થી અલિપ્ત રહી શકે નહીં, કારણકે સ્વામીની સેવા એજ સેવકનુ કર્તવ્ય છે. ક્રમશઃ.

(ડો. જયેન્દ્ર સોની)

"કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય"

"""""""""""""""""" ૯ """"""""""""""""""

જીવ ભગવાન નો અંશ છે. અતઃ અંશી પરમાત્માની સેવા તેનો સહજ ધર્મ છે. પરંતુ અનંત કાળથી પરમાત્મા થી છુટો પડેલો જીવાત્મા પરમાત્મા ને અને તેમની સાથેના પોતાના સંબંધને જ ભૂલી ગયો છે, કે પોતે પરમાત્માનો અંશ છે. પછી પોતાનું કર્તવ્ય-ભાન તો તેને ક્યાંથી રહે ?

એટલું જ નહીં, જીવાત્મા અવિદ્યા ને કારણે પોતાના દેહ, ઈન્દ્રિયો, પ્રાણ તથા અંતઃકરણ ને પોતાનું સ્વરૂપ માની બેઠો છે. તેનામાં 'હું' અને 'મારાપણા' ની ખોટી ભ્રમણા ઉદ્ભવેલી છે. અર્થાત્ તે 'અહંતા-મમતા' માં અટવાયેલો છે, જેના કારણે તે સંસાર ના વિભિન્ન દુઃખો અનુભવે છે. તે લોક-વેદમા વર્ણિત સહજાદિ દોષોથી ગ્રસિત થાય છે. શ્રીમહાપ્રભુજીના ભૂતલ પર પ્રાદુર્ભાવ નું પ્રયોજન આવી યાતના ભોગવી રહેલા દૈવી જીવોને તેમના સ્વરૂપ નું જ્ઞાન કરાવી તેમનો ઉદ્ધાર કરવાનું જ હતું.

તદર્થ શ્રીમહાપ્રભુજીએ સ્વયં ભગવાન ની આજ્ઞાનુસાર જે જીવોનું ભગવાને 'પુષ્ટિજીવ' તરીકે વરણ કર્યું હતું, તેમને ભગવાને આપેલા 'નિવેદન મંત્ર' જેને 'બ્રહ્મસંબંધ મંત્ર' કહેવાય છે, દ્વારા દીક્ષિત કરીને, તે જીવાત્માને - ૧. તેના સ્વરૂપ નું જ્ઞાન કરાવ્યું કે 'તે હજારો વર્ષોથી ભગવાનથી છુટો પડેલો તેમના અંશરૂપ જીવ છે, ૨. તે અહંતા-મમતા કારણે જે પદાર્થોને પોતાના સમજી બેઠો હતો, જે હકીકત માં તેને ભગવદ્સેવાર્થે પ્રાપ્ત થયેલા હતાં, તેથી તે પોતાના આત્મા સહિત ભગવાન કૃષ્ણ ને સંકલ્પપૂર્વક સમર્પણ કરે છે, તેવું નિવેદન કરાવ્યું. અંત માં જીવાત્મા કબુલ કરે છે કે 'તે ભગવાન કૃષ્ણ નો દાસ છે, એટલું જ નહીં તે સ્વતઃ ભગવાન કૃષ્ણ નો છે'.

ઉપરોક્ત પ્રક્રિયા થી ત્રણ બાબતો સિદ્ધ થાય છે - ૧.જીવાત્માને પોતાના સાચા સ્વરૂપનું ભાન થાય છેં, ૨. પોતે દાસ હોવાનું સ્વીકારી કૃષ્ણ ને પોતાના સ્વામી રૂપે સ્થાપિત કરે છે, જે શરણાગતિ નો ભાવ છે અને ૩. 'પોતે કૃષ્ણનો છે' કહી કૃષ્ણ સાથે દાંપત્ય વત્ સંબંધની કબુલાત કરે છે, જે સમર્પણ નો ભાવ છે. ક્રમશઃ.

(ડો. જયેન્દ્ર સોની)

"કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય"

"""""""""""""""" ૧૦ """"""""""""""""

બ્રહ્મસંબંધ-દીક્ષા ગ્રહણ કરીને જીવાત્માએ ગુરૂ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી ની હાજરી માં સંકલ્પપૂર્વક સ્વીકારી લીધું છે કે તેની પાસે તેનું આગવું કહેવાય તેવું કશું જ નથી. તેણે કૃષ્ણ સાથે અલૌકિક ગૃહસ્થાશ્રમ ને કબુલ કર્યો હોઇ, તે નિભાવવા તેણે ભગવાન શ્રીકૃષ્ણ સાથે સમર્પિત સહજીવન જીવવાનું છે. તેના જીવન નું પ્રયોજન હવે નિષ્ઠાપૂર્વક પોતાના સ્વામી શ્રીકૃષ્ણની સેવા જ છે. હવે તેનું સહજ કર્તવ્ય છે ભક્તિભાવપૂર્વક, શ્રીકૃષ્ણ ની સેવા દ્વારા એમને પ્રસન્ન કરવાનું.. જો શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય તો તેમની કૃપા નો અનુભવ તે કરી શકે, કારણકે ભક્તનો નિઃસ્વાર્થ પ્રેમ ભક્તવત્સલ ભગવાનની કમજોરી છે, જેના ભાગવતમાં અનેક પ્રમાણ પ્રાપ્ત થાય છે.

તેથી શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં મનભાવન શ્રીકૃષ્ણ ના વિગ્રહ ની ગૃહસેવાને પ્રાધાન્ય આપ્યું છે. તેઓ સ્પષ્ટ આજ્ઞા કરે છે - "ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ" (ભ.વ.). તેનું કારણ એ છે કે જીવાત્માએ બ્રહ્મસંબંધ કરતી વખતે ગુરુ શ્રીમહાપ્રભુજી ની સાક્ષી માં ભગવાન શ્રીકૃષ્ણ સાથે વચનબદ્ધ થાય છે. તે અલૌકીક ગૃહસ્થાશ્રમવત્ સંબંધ સ્થાપિત કરે છે. તેથી તે વેળા સમર્પણ કરેલા સર્વે પદાર્થો નો

ભગવદ્સેવાર્થે વિનિયોગ કરવો આવશ્યક છે, અન્યથા તેણે કરેલુ સમર્પણ સાર્થક ન થઈ શકે, તે માત્ર મિથ્યા વચન કહેવાય. શ્રીકૃષ્ણની પ્રત્યક્ષ સેવા સિવાય તેમની સાથે તેમને સમર્પિત થઈ ને સહજીવન જીવી ન શકાય. કૃષ્ણ ભલે બ્રહ્મ - પરમાત્મા - ભગવાન હોય, તે ત્રિભૂવનનો નાથ હોય, જ્યારે તે સેવ્ય સ્વરૂપે આપણા ઘરમાં બિરાજે છે ત્યારે તે આપણા પરિવારના સદસ્ય સમ બની આપણી સેવા દ્વારા એમના લાલન-પાલનની અપેક્ષા રાખે છે. તે કોઈ પ્રતિકાત્મક જડ મૂર્તિ નથી, ક્રિયા-જ્ઞાન ઉભય શક્તિ યુક્ત સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપ છે. તેમની પરિચર્યાનુ માપદંડ છે - "યથા દેહે તથા દેવે". જ્યારે હૃદયના સર્વ ભાવ સહિત ભક્ત્યાત્મિકા સેવા કરવામાં આવે ત્યારે તે ભગવદ્ વિગ્રહ માં, તેમાં તિરોહિત રહેલા 'ચિદંશ' તથા 'આનંદાંશ' નો આવિર્ભાવ થાય છે. સેવા રૂપ આપણી ક્રિયામાં ભગવાનની 'ક્રિયાશક્તિ' આવિર્ભૂત થાય છે, જેના કારણે આપણને અલૌકિક આનંદ ની અનુભૂતિ થાય છે. ક્રમશઃ.

(ડો. જયેન્દ્ર સોની)

"કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય"

"""""""""""""""" ૧૧ """"""""""""""""

સ્વાભાવિક છે કે જો કૃષ્ણ ના આનંદ નો અનુભવ કરવો હોય તો કૃષ્ણ ની સતત સંન્નિધિ હોવી આવશ્યક છે. જેવીરીતે ચુલ્હાની સમીપ જવાથીજ ઉષ્ણતાનો અહેસાસ થાય છે, તેવીરીતે આનંદઘન શ્રીકૃષ્ણ નું સાનિધ્ય જ સહજ રીતે તેમનામાં રહેલ આનંદનો અનુભવ કરાવી શકે. મન-વાણી-ક્રિયા દ્વારા કૃષ્ણ ની નિકટતા, તેથી અનિવાર્ય છે, જો આપણે શાસ્વત આનંદ ની તલાશ કરતાં હોઈએ. શ્રીમહાપ્રભુજી ના વચનો "કૃષ્ણસેવા સદા કાર્યા" તેમજ "સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ" નું રહસ્ય એજ છે. સદા - સર્વદા નું તાત્પર્ય છે કે આપણા મન-વાણી-કર્મ માં કૃષ્ણને વસાવી લેવા જોઈએ. વ્રજભક્તો ની માફક ઉઠતા - બેસતા - જાગતાં અહર્નિશ કૃષ્ણનું ચિંતન થવું જોઈએ. જીવનની સર્વ પ્રવૃત્તિઓનો હેતુ 'કૃષ્ણ' હોવો જોઈએ. ભણવું, કમાવું, ગૃહસ્થ જીવન, પરિવાર, શોખ ઈત્યાદિ નું પ્રયોજન કેવલ 'કૃષ્ણ' હોવું જોઈએ. તદર્થ ભાગવતકાર જીવનના કર્તવ્યનું નિરુપણ કરતાં કહે છે - " શ્રોતવ્ય, કીર્તિતવ્ય સ્મર્તવ્યશ્ચ". (ભા.૨-૧-૧). શ્રીમહાપ્રભુજી પણ "સેવાયામ્ વા કથાયામ્ ના" નો નિર્દેશ કરે છે, એટલું જ નહીં "સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યં" (ચતુ: શ્લોકી') નો ઉપદેશ કરે છે.

પુષ્ટિમાર્ગ ની એ જ વિશેષતા છે, વિલક્ષણતા છે. પ્રત્યેક આધ્યાત્મિક ઉત્કર્ષના માર્ગમાં કેટલીક પૂર્વાશ્યક્તાઓના વિધાન કરવામાં આવ્યા હોય છે જેની પરિપૂર્તિ કરવી જરૂરી હોય છે. તેના વિના તે માર્ગે સફલતા પ્રાપ્ત કરવી સંભવ ન બને. 'કર્મમાર્ગ' ના અંગરૂપ દેશ,કાલ,દ્રવ્ય, મંત્ર કર્મ અને કર્તાની શુદ્ધતા અત્યાવશ્યક છે. પરંતુ કલિકાલ માં તેના શુદ્ધ સ્વરૂપ હોવા દુર્લભ છે. આ હકિકત ની સ્પષ્ટતા શ્રીમહાપ્રભુજીએ 'કૃષ્ણાશ્રય' ગ્રંથમાં કરી છે. 'જ્ઞાનમાર્ગ' પણ 'સાધન-ચતુષ્ટય' ની અપેક્ષા રાખે છે. વૈરાગ્ય, નિત્યાનિત્ય વસ્તુઓનો વિવેક, શમ-દમાદિ ષટ્સંપત્તિ તેમજ મુમુક્ષુતા પ્રાપ્ત કર્યા વિના આ

માર્ગ માં સિદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી. એવી જ હકીકત સાંખ્ય, યોગ આદિ અન્ય મોક્ષમાર્ગોની છે. 'મર્યાદાભક્તિમાર્ગ' પણ સાધન સાપેક્ષ છે. ક્રમશઃ

(ડો. જયેન્દ્ર સોની)

"કૃષ્ણ એજ માત્ર તાત્પર્ય"

"""""""""""""""" ૧૨ """"""""""""""""

પરંતુ 'પુષ્ટિભક્તિમાર્ગ' કેવલ પુષ્ટિપુરૂષોત્તમ શ્રીકૃષ્ણ ની કૃપા પર અવલંબિત છે. અગાઉ કહ્યું તેમ કૃષ્ણકૃપા તેમની સ્વયં ની ઈચ્છા - પ્રસન્નતા પર નિર્ભર કરે છે, અને કૃષ્ણ ભક્તના નિર્વ્યાજ પ્રેમને વશ હોવાથી માત્ર પુષ્ટિભક્તિ જ કૃષ્ણ ને રીઝવી શકે છે. કૃષ્ણ પ્રત્યેનો ભક્તના હ્રદયનો ભાવ જ તેના પર કૃપા કરવા કૃષ્ણ ને વિવશ કરી શકે છે.

તેને માટે પુષ્ટિજીવે પોતાના જીવનક્રમને છોડ્યા કે બદલ્યા વિના તેને કૃષ્ણ-લક્ષી બનાવવાની આવશ્યકતા રહેલી છે. ખાવું, પીવું, ભણવું, પરિવારનું પાલન, ઈત્યાદી જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ ને 'કૃષ્ણમય' બનાવવા ની છે. છોડવાનું કશું જ નથી, બધું કૃષ્ણ સાથે જોડવાનું છે. વિવિધ કલાઓ શિખવાની કૃષ્ણ માટે શ્રુંગાર - સજાવટ કરવા, રસોઈ માં વિવિધતા -પાકકલા માં પ્રવિણતા, કૃષ્ણ માટે વિભિન્ન વ્યંજન સિદ્ધ કરવા હેતુ, ગાન-વાજીંત્રો નો શોખ પણ કૃષ્ણને રીઝવવા કીર્તનાદિ ગાવામાં ઉપયોગી બની શકે તે માટે કેળવવો જોઈએ. જીવનની પ્રત્યેક પ્રવૃત્તિઓ માં કૃષ્ણને કેન્દ્રસ્થાને રાખવાના. આવી મનોદશા નો આડલાભ એ છે કે જે વસ્તુઓનો ભગવાનને વિનિયોગ ન કરી શકાય - જેમકે કાંદા લસણ તથા નશીલા પદાર્થો નું સેવન વગેરે, તો તેનો સહજ ત્યાગ કરવો જરુરી બને. કુદરતી રીતે વ્યસન મુક્ત થવાય. સાધન દશામાં મર્યાદાઓનુ પાલન જરૂરી હોય છે, પરંતુ ફલદશા માં જ્યાં માત્ર ભગવદ્ પ્રેમ ની પરાકાષ્ઠા માં મર્યાદાઓ નો પણ લોપ થઈ જાય છે. કહેવાય છે કે કીર્તન માં શ્રીજીને આનંદ આવે તે માટે શ્રી ગુંસાઈજી એ તાનસેન ને નશો કરવાની છુટ આપી હતી. ફોજમાં ફરજ બજાવનાર વાઘાજી રાજપૂતને શ્રીઠાકોરજી એ ઘી વિના સામગ્રી આરોગવી કષ્ટદાયક બની રહી છે, તેમ જણાવ્યું તો, તે ઘી ખરીદી તાબડતોબ ઘરે પહોંચી જોડા સહિત મંદિર માં જઈ શ્રીને ઘી ધર્યું. આવા તો અનેક પ્રમાણ પુષ્ટિમાર્ગીય વાર્તા સાહિત્ય માં મળે છે. માત્ર કૃષ્ણ પ્રેમ એજ આપણા ભાવનું માપદંડ. શ્રીમહાપ્રભુજી તેથીજ આજ્ઞા કરે છે - "ચેતસ્તત પ્રવણં સેવા". હેતુ છે - 'ચિત્તનો કૃષ્ણ માં નિરોધ'. એનું નામ જ 'પુષ્ટિભક્તિ' છે.

સ્પષ્ટ છે કે "કૃષ્ણ એ જ તાત્પર્ય" પુષ્ટિમાર્ગ નું હાર્દ છે.

(ડો. જયેન્દ્ર સોની)